ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૪ અંક ૦૦૭ તારીખ ૦૭-૦૯-૨૦૧૭ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા








# અમેરિકા અને ઉત્તર કોરિયા વચ્ચે તણાવ સતત ચાલુ

## ઓટોમોબાઈલ સેક્ટરના ઓગસ્ટ મહિનાના વેચાણો તો અપેક્ષા કરતા ખૂબ જ સુંદર આવ્યા

અમેરિકા અને ઉત્તર કોરિયા વચ્ચે તણાવ સતત ચાલુ રહ્યો હોવાને કારણે ગયા અઠવાડિયા દરમિયાન ભારતીય શેરબજાર અને વિદેશી શેરબજારોમાં સતત વધગટનો ટ્રેન્ડ જળવાઈ રહ્યો હતો અને ખાસ કરીને ૫મી સપ્ટેમ્બરે ઉત્તર કોરિયા દ્વારા હાઈડ્રોજન બોમ્બનું પરિક્ષણ કરાયા પછી ભારતીય બજારોમાં અને અમેરિકન બજારોમાં તીવ્ર કરેકશન જોવાયું હતું.

વાસ્તવમાં તો સોમવારે સેન્સેક્ષ અને નિફ્ટીમાં ઉછાળાની અપેક્ષા હતી પરંતુ ઉત્તર કોરિયા દ્વારા થયેલા બોમ્બના પરિક્ષણને કારણે સેન્સેક્ષમાં ૩૫૦ પોઈન્ટ કરતા પણ વધારે ઘટાડો જોવાયો અને તે દિવસે ડાઉજોન્સમાં પણ ૧૦૦ પોઈન્ટનો તીવ્ર ઘટાડો જોવાયો હતો.

ઉત્તર કોરિયાના આ બોમ્બપરિક્ષણ હીરોસીમા કરતા પણ દસ ગણુ શક્તિશાળી હોય તેવો નિષ્ણાતોનું મંતવ્ય છે. અને જે રીતે બંને દેશો વચ્ચે તણાવ વધી રહ્યો છે તેને કારણે આગામી દિવસોમાં પણ સેન્સેક્ષ અને નિફ્ટીમાં વધઘટનું પ્રમાણ તીવ્ર રહેશે તેવી ગણતરી છે.

ભારતમાં ચોમાસું લગભગ પૂરું થવા આવ્યું હોય તેવા સંકેત મળી રહ્યા છે અને અત્યાર સુધીના ચોમાસાના આંકડા ૧૦૫ ટકા વરસાદ મોટા ભાગના હવામાન ક્ષેત્રમાં થયો હોવાનું દર્શાવે છે. બહુ જ ઓછા વિસ્તારમાં અતિવૃષ્ટિ જોવાઈ છે. કોઈ પણ ક્ષેત્રમાં દુકાળની અસર નથી જોવાતી. આ ટ્રેન્ડને કારણે ચાલુ વર્ષે તમામ પ્રકારના અનાજ-કઠોળમાં બમ્પર પાક આવે તેવી ગણતરી છે. પરંતુ બમ્પર પાક હોવા છતાં મોટા ભાગની જીવનજરૂરિયાતની ચીજોમાં અતિશય તીવ્ર ભાવવધારો જોવાય છે અને કદાચ આ ટ્રેન્ડને કારણે સરકારની ઈમેજને તીવ્ર અસર પડી છે. અને રાજકીય નિષ્ણાતો તો માની રહ્યા છે કે મોંઘવારી અને અન્ય નેગેટીવ પગલાઓ તેમજ જીએસટીના ધાંધિયાને કારણે આ વખતે ગુજરાતની ચૂંટણીમાં ભાજપને ગંભીર ફટકો પડશે.

આઈબીનો રિપોર્ટ પણ આગામી ચૂંટણીઓમાં ભાજપને માંડ ૮૦ બેઠકો મળે તેવો સંકેત આપે છે. અને જે રીતે પાટીદાર વર્ગ ભાજપથી સંપૂર્ણપણે દૂર થઈ ગયો છે અને સમગ્ર ગુજરાતના વેપારીઓ અગાઉ નોટબંધી અને તે પછી જીએસટીને કારણે પરેશાન છે તેની અસર પણ આ વખતે ચૂંટણી ઉપર સ્પષ્ટ રીતે દેખાશે તેવી ગણતરી છે. નોટબંધી પણ સંપૂર્ણપણે નિષ્ફલ ગઈ હોવાનું તારણ હવે જોઈ શકાય છે. કારણ કે રિઝર્વ બેંકના આંકડા મુજબ ૯૯ ટકા નોટો બેંકોમાં જમા થઈ ગઈ અને અગાઉ જે ગણતરી હતી તે નોટબંધીને કારણે લગભગ ૧૨૦૦૦થી ૧૫૦૦૦ કરોડનું કાળું નાણું પકડાઈ જશે અને તે રકમ બેંકમાં આવી નહીં શકે પરંતુ તે ગણતરી પણ ખોટી પડી છે અને નોટબંધી પછી નવી નોટો છપાવવાનો ખર્ચો અને ઉત્તર પ્રદેશમાં જે મોટા પાયે બેરોજગારી વ્યાપી તે પાસાને કારણે અર્થતંત્રને ગંભીર અસર થઈ છે અને આ ડેવલપમેન્ટ પણ આગામી ચૂંટણીઓમાં ભાજપને મોટા પાયે અસર કરે તે ભય છે.

આંતરરાષ્ટ્રીય સ્તરેથી અમેરિકન અર્થતંત્રમાં તો પોઝિટિવ ટ્રેન્ડ જળવાઈ રહ્યો છે. ગયા અઠવાડિયે અમેરિકામાં આઈએસએન મેન્યુફેક્ચરીંગ ઈન્ડેક્ષમાં ૫૮.૮નો આંકડો જોવાયો છે પરંતુ કન્સ્ટ્રક્શન ઈન્ડેક્ષમાં ૦.૬ ટકાનો નાનો ઘટાડો જોવાયો અને આ ટ્રેન્ડ એકંદરે અર્થતંત્રની મજબૂત પરિસ્થિતિનો ખ્યાલ આપે છે. અમેરિકામાં જીડીપીના બીજા ક્વાર્ટરના આંકડા પણ અપેક્ષા કરતા સારા આવ્યા છે. અગાઉ જીડીપીમાં ૨.૭ ટકાનો અંદાજ હતો અને તેને બદલે હવે નવા આંકડા બીજા ક્વાર્ટર દરમિયાન અમેરિકામાં ત્રણ ટકા વૃદ્ધિ થઈ હોવાનો સંકેત આપે છે. તેવી જ રીતે બરોજગારીના આંકડા પણ એકંદરે પ્રોત્સાહક આવ્યા છે. અમેરિકામાં બેરોજગારીના દાવા ૨૩મી ઓગસ્ટે પૂરા થયેલા સપ્તાહ દરમિયાન ૨.૩૮ લાખના અંદાજ સામે ૨.૩૪ લાખ જ આવ્યા છે અને તે પણ પોઝિટિવ ચિત્ર દર્શાવે છે. અમેરિકામાં ક્રૂડમાં બે ટકાનો ઘટાડો જોવાયો હાર્વે વાવાઝોડાને કારણે ક્રૂડમાં અસર થઈ હોવાને કારણે અમેરિકામાં ક્રૂડના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો હતો પરંતુ તે પછી હવે પરિસ્થિતિ સ્થિર થઈ ગઈ છે અને ક્રૂડ બે ટકા ઘટીને ૪૭.૪૩ ડોલર ગયા અઠવાડિયે આવી ગયું હતું. અને તે પછી ફરી એક નવા ઘટાડા સાથે ક્રૂડ ૪૬ ડોલર ઉપર પહોંચી ગયા પછી ફરી તેમાં ચાર વીકનો ઉછાળો જોવાયો છે. આમ આગામી દિવસોમાં ક્રૂડ ૪૯.૧૬ ડોલર ઉપર પહોંચ્યા પછી હવે તેમાં ઘટાડાનો દૌર ફરી શરૂ થાય તે સંભાવના મજબૂત છે.

ભારતમાં જુલાઈ મહિનામાં ગાડીઓના મજબૂત વેચાણો પછી ઓગસ્ટ મહિનામાં પેસેન્જર કાર, કોમર્શિયલ વાહનો અને ટુ-વ્હીલર એમ ત્રણેયની માંગમાં ખૂબ જ સુંદર ઉછાળો જોવા મળ્યો છે અને ટોચના ઉત્પાદકોના વેચાણો તો લગભગ ૨૦-૨૫ ટકા જેટલા વધ્યા છે. મહત્ત્વનું પાસુ કોમર્શિયલ વાહનોના વેચાણોનું છે અને ઘણા લાંબા સમય પછી કોમર્શિયલ વાહનોમાં પોઝિટિવ ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે. જીએસટી અમલમાં આવ્યા પછી ચેકપોસ્ટ નીકળી ગઈ અને તેને કારણે ટ્રકોની કાર્યદક્ષતા અને નફાશક્તિમાં વધારો થયો છે. અને તેને કારણે અનેક ટ્રકચાલકોએ નવા ઓર્ડરો આપવાનું શરૂ કર્યું છે. આમ આગામી દિવસોમાં કોમર્શિયલ વાહનોની સાથે સાથે સ્ટીલ અને ટાયર સેક્ટરને પણ ફાયદો મળે તેવી ગણતરી છે.

સામે પક્ષે સિમેન્ટમાં પણ અત્યારે તો ભાવમાં થોડો ઘટાડો થયો છે. પરંતુ ચોમાસું પૂરું થયા પછી સિમેન્ટની માંગ ઝડપથી સુધરે તે સંભાવના મજબૂત છે. અને તે પાછળ સિમેન્ટ સેક્ટરમાં અત્યારથી જ આકર્ષણ વધી ગયું છે.

સેબી દ્વારા શેલ કંપનીઓ સામે કડક પગલા લેવાનું શરૂ કરી દીધું છે. અને આ વખતે શેલ કંપનીઓના લગભગ ત્રણ લાખ ડિરેક્ટરોને પણ બ્લેકલિસ્ટ કરી દેવામાં આવ્યા છે. ભારતમાં લગભગ ૧૧.૫૭ લાખ કંપનીઓ છે અને તેમાંથી અત્યાર સુધીમાં લગભગ ૪ લાખ કંપનીઓને ડિફંગ અને શેલ કંપનીઓ ગણીને તેમના નામ રદ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત શેલ કંપનીઓના ખાતામાં જે બેંક ડિપોઝિટો પડી હોય અથવા બેંક બેલેન્સ હોય તેને પણ ઉપાડવા નહીં દેવાય તે અંગેની સૂચનાઓ કડક રીતે આપવામાં આવી છે. અને આ પ્રક્રિયાને કારણે પણ અર્થતંત્રમાં થોડીક સ્વચ્છતા આવશે અને કામકાજ સુધરશે તેવી અપેક્ષા છે.

જીએસટીને કારણે વાસ્તવિકતા કેવી છે તે અંગે નિષ્ણાતોમાં ભારોભાર વિરોધાભાસ છે. એક તરફ કાપડ બજાર સાથે સંકળાયેલા વર્ગ જીએસટીની અસરને કારણે બીજા છ મહિના વેપાર-ધંધા ઠંડા પડી જશે તે સંભાવના જુએછે. પોર્ટલની કેપેસીટી ઓછી હોવાને કારણે અનેક વેપારીઓ રીટર્ન નથી ભરી શક્યા અને સાથે સાથે વેચાણો પણ ઓછા કરી નાખ્યા છે.

પરંતુ સામે પક્ષે અમદાવાદ અને સુરતના કાપડ બજારના રિપોર્ટ અનુસાર ફરી વખત કાળાનાણામાં કામ કરવાનું શરૂ થઈ ગયું છે અને અત્યારના તબક્કે એક વેપારી બીજા વેપારીને માલ મોકલે ત્યારે ચલણ ફાડે છે પરંતુ એક વખત સામેની પાર્ટીને માલ પહોંચી જાય તે પછી બંને પાર્ટીઓ અગાઉની જેમ ચલણ ફાડી નાખતી હોય તેવા દાખલા જોવાવાનું શરૂ થઈ ગયું છે. એક વખત ઈ-વેબ બિલની પ્રક્રિયા શરૂ થશે પછી આ પ્રકારનું ડેવલપમેન્ટ સીમીત થઈ જશે તેવી ગણતરી છે.

પરંતુ સામે પક્ષે કેટલાક ટ્રાન્સપોર્ટરો જીએસટી નંબર વગરનો માલ લઈ જવા પણ તૈયાર છે તેવા રિપોર્ટ પણ મળવા લાગ્યા છે અને હવે તો ચેકપોસ્ટ પણ ન હોવાને કારણે માલ દેશાવરની પાર્ટીને પહોંચી જાય અને બેનામી રીતે જ તેનો વેપાર ચાલુ રહે તે ભય પણ વધ્યો છે. અને સરકાર જીએસટી પોર્ટલની મુશ્કેલીઓ દૂર કરવા માટે અને આ જે નવા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે અને કાળા નાણાનો વેપાર ફરી વખત શરૂ થઈ ગયો છે અને અંકુશમાં લેવા માટે શું પગલા લેશે તે જોવું રહ્યું.

ઓટોમોબાઈલ સેક્ટરના ઓગસ્ટ મહિનાના વેચાણો તો અપેક્ષા કરતા ખૂબ જ સુંદર આવ્યા છે. અને આ વખતે જીએસટીને કારણે ઉત્પાદકોએ વેચાણ કિંમતો ઘટાડી અને સાથે સાથે ડિલરોને ત્યાં પણ વેચાણ કિંમતો ઘટી હોવાને કારણે તેનો ફાયદો જોવા મળ્યો છે. હવે કદાચ સરકાર નોર્ટિફિકેશન દ્વારા જીએસટી ઉપરનો સેસ વધારે અને તેને કારણે ગાડીઓ મોંઘી થાય તે એક ભય વધ્યો છે અને તે અંગે ઉત્પાદકોએ તહેવારોની સિઝન સુધી એટલે કે ઓક્ટોબર આખર સુધી ઓટોમોબાઈલ સેક્ટર ઉપરનો સેસ ન વધારવા સરકારમાં રજૂઆત કરી છે અને કદાચ સરકાર તેમને અનુકૂળ પગલું લે અને આ તબક્કે સેસ ન વધારે તે સંભાવના વધારે છે. પરંતુ સામે પક્ષે વેચાણો સારા થયા હોવાથી કંપનીઓના નફામાં નોંધપાત્ર ઉછાળો જોવાય તે આશાવાદ વધ્યો છે અને આ ડેવલપમેન્ટને કારણે તેમજ ચોમાસા પછી નવી મોટી માંગ ખૂલશે તે અપેક્ષાએ ઓટોમોબાઈલ શેરોમાં આકર્ષણ વધવા લાગ્યું છે. ઓગસ્ટના વેચાણોના આંકડા જોઈએ તો હીરોમોટો કોર્પ, ટીવીએસ મોટર્સ, રોયલ ઈનફિલ્ડના વેચાણોમાં સુંદર ઉછાળો જોવા મળ્યો.દર વખતની જેમ બજાજ ઓટોના વેચાણોના આંકડા મોડા આવશે પરંતુ તેમાં પણ ચિત્ર એકંદરે સંતોષકારક હશે તેવો સંકેત ડિલરોના લેવલ ઉપરથી મળી રહ્યો છે અને


શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન

મગજમારી ભેજામારી

નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ

દર બુધવારે, કોપી બુક કરવો


સામાન્ય રીતે સારા ચોમાસા પછી ગ્રામ્ય ભારતમાંથી મોટરસાઈકલની માંગ ઝડપથી વધતી હોય છે અને તે મુજબ આગામી સમયગાળામાં હીરોમોટો કોર્પ અને ટીવીએસ મોટર્સના વેચાણોને ખૂબ જ પોઝિટિવ અસર રહેશે.

હીરો મોટોકોર્પ અત્યારે રૂ. ૩૯૫૦ ઉપર મળી રહ્યો છે. ઉત્તર કોરિયાની અસરને કારણે ટેમ્પરરી ધોરણે આ શેરમાં ભલે વધઘટ વધારે હોય પરંતુ આ શેર ઉપર ફોકસ કરી શકાય અને આગામી દિવસોમાં સુંદર વૃદ્ધિ સાથે રૂા. ૪૪૦૦નો ભાવની ગણતરી છે.

બજાજ ઓટો શેર પણ કરેકશન પતાવીને તેજીતરફી થઈ ગયો છે અને તે શેરમાં પણ રોકાણ કરી શકાય. આગામી દિવસોમાં બજાજ ઓટોનો શેર રૂા. ૨૯૨૦થી વધીને રૂા. ૩૨૦૦ તરફ આગળ વધે તે સંભાવના મજબૂત છે.

તેવી જ રીતે ટીવીએસ મોટર્સના શેરમાં પણ મજબૂતી જળવાઈ રહી છે અને આગામી દિવસોમાં ટીવીએસનો શેર પણ સુંદર ઉછાળો બતાવે તે સંભાવના છે.

આયશરનો શેર પણ અપટ્રેન્ડમાં દાખલ થયેલો છે પરંતુ પાંચ આંકડાનો શેર હોવાથી અને અત્યારે વધઘટનું પ્રમાણ તીવ્ર હોવાથી આયશરમાં ઊંચા ભાવે નવા રોકાણની સલાહ નથી.

સામે પક્ષે તાતા મોટર્સમાં કરેકશન પૂરું થયું હોય અને અપટ્રેન્ડ શરૂ થયો હોય તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. એક તરફ તાતા મોટર્સની નવી ગાડીઓને ખૂબ જ સુંદર રિસ્પોન્સ છે અને ઓટોમોબાઈલ સેક્ટરના નિષ્ણાતોનું મંતવ્ય છે કે એક વખત તાતાએ જે નવી પેસેન્જર ગાડીઓ લોન્ચ કરી તેની જે ટેસ્ટ ડ્રાઈવર લે તો પછી જાપાનીઝ અને કોરિયન ગાડીઓને પણ ભૂલી જાય અને આ ટ્રેન્ડ ધ્યાનમાં રાખીએ અને સામે પક્ષે જગુઆર અને લેન્ડરોવરના જોરદાર વેચાણો ધ્યાનમાં રાખીએ તો અત્યારના રૂા. ૨૧૪ના ભાવે તાતા મોટર્સ ડીવીઆર સૌથી વધારે આકર્ષક કહી શકાય અને તમારે વોટિંગ તો કરવાનું નથી તો પછી રૂા. ૩૮૨ના ભાવે તાતા મોટર્સનો શેર લેવો તેને બદલે લગભગ એટલી જ રકમમાં બે તાતા મોટર્સ ડીવીઆર લેશો તો વધારે નફાની જગ્યા છે.

મારૂતિના શેરમાં પણ હજી મજબૂતીનો ટ્રેન્ડ જળવાઈ રહ્યો છે. દક્ષિણ કોરિયાને કારણે આ તબક્કે વધઘટનું પ્રમાણ ભલે થોડું વધારે હોય પરંતુ મારૂતિના શેરમાં રોકાણ જાળવી રખાય. રૂા. ૭૮૪૬ ઉપરના આ શેરમાં આગામી દિવસોમાં રૂા. ૮૦૦૦ ઉપરનો ભાવ ફીટ બેસે છે. રોકાણ જાળવી શકાય. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરમાં અત્યારે આકર્ષણ ઓછું છે તેમ છતાં ટ્રેક્ટર અને યુટીલીટી વાહનોના વેચાણો સુંદર આવશે અને ખાસ કરીને ટ્રેક્ટરના વેચાણોમાં અત્યારથી જ પૂછપરછ વધી ગઈ છે અને તે જોતા મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો શેર ઈન્વેસ્ટમેન્ટની રીતે જાળવી રખાય.

ઓટોએન્સીલરી સેક્ટરને પણ ઓટોમોબાઈલના સુંદર વેચાણોનો ફાયદો મળશે. અને આ વખતે ઓટોએન્સીલરીની સાથે સાથે ટાયર કંપનીઓના વેચાણોમાં પણ મજબૂત વૃદ્ધિની ગણતરી છે.

ઓટો એન્સીલરી સેક્ટરમાં એમ તો પહેલેથી જ મોટા ભાગના શેરો ખૂબજ ઊચા વેલ્યૂએશન ઉપર પહોંચી ગયેલા અને તેથી નવા શેરોની પસંદગી ખૂબ જ સિલેક્ટીવ રીતે કરવી જરૂરી છે.

રૂા. ૩૨૬ના ભાવે મધરસન સુમીનો શેર કવર કરાય. અને આગામી દિવસોમાં તે શેરમાં જોરદાર ઉછાળાની સંભાવના દેખાય છે.

તેવી જ રીતે અમરરાજા બેટરની શેરમાં પણ ખેલાડીઓનું આકર્ષણ વધ્યું છે. અમરરાજામાં જૂન ક્વાર્ટર દરમિયાન પણ વેચાણોમાં ૧૪ ટકાનો ઉછાળો જોવાયો અને કંપની ખાસ પ્રકારની નવી બેટરીઓ લોન્ચ કરી રહી છે જેને પણ સુંદર રિસ્પોન્સ મળશે. અત્યારના રૂા. ૭૬૦ આસપાસના આ શેરમાં નાનું રોકાણ કરી દેવાય.

માઈકો બોશ દ્વારા નવી ટેકનોલોજી ઉપર કામકાજ શરૂ કરાયું છે. એક તબક્કે રૂા. ૨૫૨૦૦ ઉપર પહોચી ગયેલો શેર અત્યારે રૂા. ૨૧૯૦૦માં મળી રહ્યો છે અને તે શેરમાં પણ સુંદર ઉછાળાની જગ્યા છે.

ઓટોમોટીવ અને ટેલિકોમ બેટરીના ક્ષેત્રમાં ટોચનું સ્થાન ધરાવતી એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ રૂા. ૨૦૦ ઉપર છે અને તેમાં પણ મજબૂત વૃદ્ધિની ગણતરી છે. સામે પક્ષે રૂા. ૭૨૪ના ભાવે હરિતા સીટીંગના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે અને તે શેર ઉપર ફોકસ વધારી શકાય. રૂા. ૨૫૧ના ભાવે મળતા જમના ઓટો ઈન્ડસ્ટ્રીઝના શેરમાં પણ નાનું રોકાણ કરાય અને તેમાં પણ મજબૂત વૃદ્ધિની જગ્યા છે. બોનસ બાદ થયેલા મુંઝાલ ઓટોના શેરમાં રૂા. ૬૫ના ભાવે જોખમ ઓછું છે. મુંઝાલ ઓટો હીરો મોટો કોર્પની કંપની છે અને ગયા વર્ષે રૂા. ૮૫૦ કરોડના વેચાણો તેમાં થયા હતા અને આ ગ્રૂપની જ મુંઝાલ શોવા પણ અત્યારના રૂા. ૨૨૮ના ભાવે લઈને મૂકી દેવાય. રૂા. ૨૨૮ વાળા આ શેરમાં ધીમા સુધારા સાથે રૂા. ૨૬૦નો ભાવ આવવાની ગણતરી છે.

છેક રૂા. ૨૫ના ભાવથી લેવડાવતા હતા તે પ્રીકોલ અત્યારે રૂા. ૮૧ આસપાસ આવી ગયો છે અને ડેશબોર્ડ ઉપરના ઈન્સ્ટુમેન્ટમાં આ કંપની સંપૂર્ણ મોનોપોલી ધરાવે છે. કોઈપણ ટુ-વ્હીલર, ટ્રક કે પછી પેસેન્જરકાર તમને પ્રીકોલના ઈન્સ્ટુમેન્ટ જ જોવા મળશે અને રૂા. ૮૧ના ભાવે આ શેર સાવ મફત છે. કંપનીની બુકવેલ્યૂ જ રૂા. ૮૭ ચાલે છે અને તે જોશો તો આગામી દિવસોમાં પ્રીકોલમાં ધીરે ધીરે રૂા. ૧૨૦નો ભાવ આવે અને લગભગ ૫૦ ટકા રિટર્ન છૂટે તે સંભાવના મજબૂત છે.

ઉકલફ્યુઅલ સિસ્ટમના રૂા. ૧૮૯વાળા શેરમાં પણ ફોકસ કરી શકાય. આ શેર ઘણા વર્ષો સુધી તદ્દન મંદ પડ્યો રહ્યો અને અત્યારે બુકવેલ્યૂ રૂા. ૧૪૭થી અને તેની સામે રૂા. ૧૯૦નો ભાવ ચાલે છે. ઈન્વેસ્ટમેન્ટની રીતે આ શેરમાં થોડું રોકાણ કરી શકાય.

રીકો ઓટોનો શેર અત્યારે રૂા. ૭૪ આસપાસ મળી રહ્યો છે. ગયા વર્ષે રૂા. ૯૫૫ કરોડના વેચાણો આ કંપનીએ કર્યા હતા. રૂા. ૧૩.૫૩ કરોડની એકદમ નાની ઈક્વીટી છે અને આ શેરમાં થોડું રોકાણ કરવું ખોટું નહીં.

પ્રીશીસન કેમ શાર્પના કેમ્પ અંગે પણ અનેક વાચકોની પૂછપરછ છે. થોડા મહિના પહેલા જ આ કંપનીનો પબ્લિક ઈશ્યૂ આવ્યો હતો અને તે પછી આ શેર રૂા. ૧૦૪-૧૦૬ના બાવન અઠવાડિયાના બોટમ ઉપર આવી ગયો છે પરંતુ ફન્ડામેન્ટલ મજબૂત છે અને તે પાસુ ધ્યાનમાં રાખીએ તો અત્યારના ભાવે વેચી નાખવાના બદલે રોકાણ જાળવી રખાય. રૂા. ૨૫૪ના નીચા ભાવે મળી રહેલો સેમકર્ગ પિસ્ટર્નનો શેર પણ પકડી શકાય. પિસ્ટર્નના ઉદ્યોગમાં આ કંપની બીજા નંબરનું મોટું કામકાજ ધરાવે છે. અને એક તબક્કે રૂા. ૩૨૪નું ટોપ બન્યું હતું. આ શેર અત્યારે કેવળ ૧૩ના પીઈરેશિયો ઉપર મળી રહ્યો છે. આ શેરમાં વિદેશી પ્રમોટર પણ પોતાનું હોલ્ડીંગ વધારવા આવે અને તે રીતે ભાવ વધે તેવી ગણતરી પણ છે.

થોડા સમય પહેલા પબ્લિક ઈશ્યૂ લઈને આવેલી જીએનએક્સએલનો શેર રૂા. ૨૫૮ ઉપર છે અને તેમાં પણ આગામી દિવસોમાં મજબૂત વૃદ્ધિની જગ્યા દેખાય છે.

રૂા. ૧૦૦૦ કરોડનું નુકસાન ગયા વર્ષે દર્શાવનાર એમ્ટેક ઓટોએ જૂન ક્વાર્ટરમાં પણ રૂા. ૩૮૫ કરોડનું જંગી નુકસાન દર્શાવ્યું છે. અત્યારે રૂા. ૨૫ ઉપર ચાલી રહ્યો છે. આ શેરમાં એમ તો કોઈ કસ નથી પરંતુ નાણાભીડમાં ફસાયેલી આ કંપનીને કોઈ મોટી કંપની ટેઈકઓવર કરી લે તે ગણતરી પાછળ આ કંપનીના ૧૦૦-૨૦૦ શેર લઈને મૂકી દેવા ખોટા નહીં. ૧૦૦ શેર લેશો તો રૂા. ૨૫૦૦નું જોખમ ગણી લેવાનું.

ઓઈલ અને ગેસ સેક્ટરમાં ટોચની કંપની ઓએનજીસી કરેકશન પતાવીને હવે તેજીતરફી થઈ ગઈ છે. થોડાક શેરો લઈને મૂકી દેજો. રૂા. ૧૬૨નો ભાવ તદ્દન મફત છે અને તેમાં ૧૨ મહિને તમને જોરદાર કમાઈને નીકળશો તે પણ નક્કી છે.

છેલ્લા થોડા અઠવાડિયાથી સતત ઈન્ડિયન ઓઈલનો શેર લેવડાવીએ છીએ. કોરિયાના પ્રશ્નને કારણે ઈન્ડિયન ઓઈલ છેલ્લી થોડી સેશનોમાં ઘટીને રૂા. ૪૨૮ ઉપર આવ્યો છે. ગભરાઈને વેચી મારવાની જરૂર નથી કારણ કે ચાલુ વર્ષે ઈન્ડિયન ઓઈલમાં બમ્પર નફાની જગ્યા છે અને તે પાસુ ધ્યાનમાં રાખીએ તો આ શેરમાં રૂા. ૧૦૦ની નોટ દેખાય છે અને ૧૨થી ૧૮ મહિના જાળવનારને રૂા. ૭૦૦થી ૯૦૦ વચ્ચેનો ભાવ જોવા મળે તેવી પણ ગણતરી છે.

તેવી જ રીતે રૂા. ૫૩૫ના ભાવે બીપીસીએલનો શેર પણ એકદમ મફત છે અને તેમાં પણ રોકાણ કરી દેવાય. ભારત સરકાર તેની આ કંપનીને કોઈ ખાનગી સેક્ટરને પધરાવી દે તો નવાઈ નહી લાગે અને તેથી થોડાક બીપીસીએલ લઈને મૂકી દેજો.

સામે પક્ષે એચપીસીએલનો વહીવટ તો સરકારે કરી નાખ્યો. આગામી દિવસોમાં ઓએનજીસી રૂા. ૨૫૦૦૦ કરોડ બજારમાંથી ઊભા કરશે અને બજેટ પહેલા જ સરકાર પાસેથી એચપીસીએલનો હિસ્સો પોતાની પાસે લઈ તેવી ગણતરી છે. અત્યારે કદાચ આ પગલાને કારણે ઓએનજીસી ઉપર બોજો પડ્યો હોવાનું તમને લાગશે પરંતુ સામે પક્ષે ઓએનજીસીના શેરમાં આગામી મહિનાઓમાં નાખી દેતા ૫૦થી ૧૦૦ ટકા વૃદ્ધિની જગ્યા દેખાય છે અને તેથી એચપીસીએલ ટેઈકઓવર કરવાને કારણે ઓએનજીસીને જે લોટરી લાગવાની છે તેનો વિચાર કરીને એચપીસીએલ અને ઓએનજીસી બંને કવર કરતા જવાય.

ગેઈલનો શેર પણ અત્યારે મફતના ભાવે મળી રહ્યો છે. અને તે શેરમાં પણ આ તબક્કે થોડું રોકાણ કરી દેવું ખોટું નહીં.બોટમઆઉટ થઈને હવે આ શેર તેજીતરફી થઈ ગયો છે. અને તેથી આ શેરમાં ૬થી ૯ મહિનાના એન્ગલથી નાનું રોકાણ કરી દેવાય.

ઈન્દ્રપ્રસ્થ ગેસ અને મહાનગર ગેસના શેર થોડા છેલ્લા સમયથી સતત લેવડાવીએ છીએ. આ શેરમાં નાનું રોકાણ કરી લેવાય અને તેમાંય મહાનગર ગેસનો શેર ટકાની દૃષ્ટિએ વધારે રિટર્ન આપી જાય તેવી ગણતરી છે.

ઓએનજીસીની જેમ આ તબક્કે ઓઈલ ઈન્ડિયાનો શેર પણ લઈને મૂકી દેવાય. બોટમઆઉટ થઈને ઓઈલ ઈન્ડિયાનો શેર પણ આગામી દિવસોમાં સુંદર વૃદ્ધિ સાથે રૂા. ૫૦૦ તરફ આગળ વધે તે સંભાવના મજબૂત છે.

રિલાયન્સ જીઓને એક વર્ષ પૂરું થઈ ગયું અને એક વર્ષમાં આ કંપનીએ તો પ્રમોટરની પોતાની અપેક્ષા કરતા પણ ગ્રાહકોમાં જોરદાર રિસ્પોન્સ મેળવ્યો છે. પરંતુ આ એક વર્ષની કામગીરીમાં અન્ય તમામ ટેલિકોમ કંપનીઓને ગંભીર અસર થઈ ગઈ અને તે પાસુ ધ્યાનમાં રાખીએ તો આગામી દિવસોમાં ટેલિકોમ શેરોમાં આકર્ષણ ઓછું રહેવાની ગણતરી છે.

ભારતી એરટેલનો શેર એક તબક્કે રૂા. ૩૧૨ સુધી ઉતરી ગયેલો અને તે પછી અત્યારે રૂા. ૪૦૦ ઉપર આવ્યો છે. પરંતુ ભારતી એરટેલના શેરમાં તેજીની ચાલ એટલી મજબૂત નથી કે તેમાં મોટું રોકાણ કરી શકાય.

સામે પક્ષે આઈડિયા સેલ્યુલરમાં તો ગયા અઠવાડિયે મંદી કરનારને પૈસા મળશે તેવો સંકેત આપ્યો હતો અને તે મુજબ આઈડિયાના શેરમાં ગયા અઠવાડિયા દરમિયાન રૂા. ૩નો ઘટાડો જોવાયો અને છેક રૂા. ૮૧.૮૦ ઉપર આવી ગયો છે અને હજી પણ આ શેર રૂા. ૩-૪ તૂટી જાય અને છેક રૂા. ૭૬ સુધી નીચો ઊતરી જાય તો પણ નવાઈ નહીં લાગે.

તાતા ટેલિસર્વિસમાં પણ કોઈ લાંબુ ભાવિ નથી દેખાતું અને તાતા ગ્રૂપ પોતે પણ ગૂંચવાયું છે કે ટીટીએમએલ અને તાતા કોમ્યુનિકેશનનો નિકાલ કેવી રીતે કરવો ? અને તેથી આ બંને શેરોથી દૂર રહેવામાં જ મજા છે.

સામે પક્ષે એમટીએનએલ દ્વારા તેની મુંબઈ અને નવીદિલ્હી ખાતે આવેલી સરપ્લસ જમીનો વેચાય તે વાત પાછળ તે શેરમાં કેવળ સટ્ટાકીય રીતે જ આકર્ષણ વધ્યું છે. દર વખતે આ કંપની જમીન વેચશે તેવી વાત ચલાવીને ત્રણ-ચાર વર્ષે સટ્ટો ચાલી જાય છે અને સાથે સાથે બીએસએનએલનું મર્જર એમટીએનએલ સાથે થશે તેવી વાત પણ સાથે સાથે ચગાવાય છે પરંતુ બીએસએનએલ ભારત સરકાર માટેનું ભારખાનું છે અને તે જો તે નુકસાનવાળા બિઝનેસને એમટીએનએલ સાથે જોડી દેવામાં આવે તો સરકારની તોતીંગ બિનકાર્યદક્ષતા જાહેર થઈ જાય. ટેલિકોમ સેક્ટરમાં એકતરફ રિલાયન્સ જીઓ અને ભારતી કેવી સુંદર કામગીરી દર્શાવે છે અને તેની સામે બીએસએનએલ-એમટીએનએલમાં કેવો ખરાબ દેખાવ છે તે પબ્લિકને ખબર પડી જાય અને તેથી મારું ગણિત તો એ છે કે ક્યારેય પણ બીએસએનએલ અને એમટીએનએલનું મર્જર નહીં થાય. કેવળ સટ્ટાકીય એન્ગલથી એમટીએનએલનો શેર થોડોક વધે તો અલગ વાત છે.

ટેલિકોમ્યુનિકેશન ઈક્વીપમેન્ટ શેરોમાં પણ કોઈ જ આકર્ષણ નથી અને તે શેરોથી પણ દૂર જ રહેવું સલાહભરેલ છે. જ્યારે ટેલિકોમ કેબલ શેરોમાં અત્યારે આકર્ષણ વધ્યું છે. ૪-જી નેટવર્ક ઊભું કરવા માટે તમામ ટેલિકોમ કંપનીઓ જંગી મૂડીરોકાણ કરી રહી છે અને તે પાછળ ટેલિકોમ કેબલની માંગ વધી છે. તે કારણને લીધે કેબલ શેરોમાં આકર્ષણ વધ્યું છે પરંતુ તેમાં શિલ્પી કેબલનો શેર રૂા. ૨૫૨ના ટોપ ઉપરથી ઘટીને અત્યારે ફક્ત રૂા. ૨૬ ઉપર આવી ગયો છે. આ શેરમાં કોઈક વિચિત્રતા હોવાનો ભય છે અને તેથી આ તબક્કે નવું રોકાણ કરવાની ઉતાવળ ન કરવી. રૂા. ૧૦૩૭ના ભાવે વિંધ્યા ટેલિના શેરમાં રોકાણ કરી શકાય. રૂા. ૧૦૩૩ કરોડના વેચાણો ધરાવતી આ કંપનીમાં જૂન ક્વાર્ટરમાં નફામાં ૩૫ ટકાનો સુંદર ઉછાળો જોવાયો. આ શેરમાં રીરેટીંગ સાથે રૂા. ૧૨૦૦ના ભાવની સંભાવના મજબૂત છે.

એન્ટરટેઈનમેન્ટ સેક્ટરમાં ઈરોસ ઈન્ટરનેશનલનો શેર જ સૌથી વધારે આકર્ષક છે. બાવન અઠવાડિયામાં આ શેરમાં રૂા. ૧૫૦નું બોટમ બન્યા પછી રૂા. ૩૦૮ સુધી ગયો હતો અને ફરી એક વખત રૂા. ૨૦૪ ઉપર મળી રહ્યો છે. આ શેરમાં નાનું રોકાણ કરી શકાય. ઈરોસ ઈન્ટરનેશનલમાં ભલે શોર્ટટર્મ એન્ગલે ભાવ થોડોક દબાતો હોય પરંતુ ઈન્વેસ્ટમેન્ટની રીતે ખૂબ જ મજબૂત કંપની છે અને તેથી થોડાક શેરો લઈને મૂકી દેવાય.

ઝી ટેલિકોમ ગ્રૂપની ડીશ ટીવીનો શેર રૂા. ૮૦-૮૧ના ભાવે કવર કરી શકાય. સેટટોપ બોક્સ આવી ગયા પછી આ કંપનીની નફાશક્તિમાં ખૂબ સુંદર વૃદ્ધિ જોવા મળી છે. માર્ચ, ૨૦૧૭માં આ શેરે રૂા. ૧૧૧નું ટોપ બતાવેલું. અત્યારના રૂા. ૮૦ના ભાવે ડીશટીવીના શેરમાં થોડું થોડું રોકાણ કવર કરતા જવાય.

સામે પક્ષે તાજેતરમાં પબ્લિક ઈશ્યૂ લઈને આવેલી જીટીપીએલ હાથવેમાં ખાસ કસ નથી દેખાતો. અને તે શેરમાંથી નીકળતા જવું સલાહભરેલ છે.

દક્ષિણ ભારતમાં પણ ચૂંટણીઓ નજીકમાં હોવાને કારણે અને રાજકીય વાતાવરણ ગરમાયું હોવાથી સનટીવીની બોલબાલા વધવાની. રૂા. ૮૪૩ના ભાવનો આ શેર ધ્યાનમાં રખાય. સન ટીવી પાસે કેબલનું પણ મોટું નેટવર્ક છે અને તેનો ફાયદો પણ મળી શકશે. આ શેરમાં આગામી દિવસોમાં મજબૂત ઉછાળાની જગ્યા દેખાય છે.

બાલાજી ટેલિફિલ્મ્સમાં મુકેશ અંબાણી દ્વારા જંગી રોકાણ કરાયા પછી તે શેરમાંથી આકર્ષણ ઘટ્યું છે. બાલાજી ટેલિફિલ્મ્સની કામગીરી ખૂબ સુંદર હોવા છતાં અત્યારનો રૂા. ૧૬૬નો ભાવ ખૂબ ઊંચું વેલ્યૂએશન દર્શાવે છે અને તેમાં શોર્ટટર્મ એન્ગલથી ભાવ


(અનુ. પાના ૨ ઉપર)



**PRATIKSHA CHEMICALS LIMITED**

REGD. OFFICE: 3RD FLOOR, H K COMPLEX, OPP. DHARNIDHAR DERASAR, VASNA, AHMEDABAD – 380007

CIN : L24110GJ1991PLC015507 www.pratikshachemicals.in

PH : 079-26632390 E-MAIL: exports@dharapratiksha.com

**NOTICE OF BOARD MEETING**

Notice is hereby given pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015 that the meeting of the Board of Directors is scheduled to be held on 13th September, 2017 to consider and approve the unaudited Financial Results for the quarter ended on 30th June, 2017.

For, Pratiksha Chemicals Limited
SD/-
Mr. Jayesh Patel
Technical Director
(DIN : 00401109)

Place : Ahmedabad
Date : 06/09/2017

**DYNAMIC INDUSTRIES LIMITED**

CIN : L24110GJ1989PLC011989
Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road,
G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**NOTICE**

Pursuant to Regulation 47(1)(a) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that meeting of Board of Directors of the Company is scheduled on Thursday, 14th September, 2017at 5:30 P.M. at the registered office of the Company, inter-alia to consider and approve Unaudited Standalone Financial Statements the quarter ended on 30st June, 2017. Further Details will be available at company's website http://dynaind.com/investors_zone.html and on BSE's website http://www.bseindia.com/stock-share-price/dynamic-industries-td/dynamind/524818/

By Order of the Board
Sd/-
Harsh Rameshbhai Hirpara
Company Secretary

Date : 7th September, 2017
Place : Ahmedabad